**Class : X**
Gujarati
Sample Question Paper -Answer Key

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ **આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.**<br>➢ **વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) –**<br>➢ **પ્રશ્ન 1 તથા 3 ના દરેક ઉત્તર માટે 1-1 અંક નિર્ધારિત છે.**<br>➢ **પ્રશ્ન 2 ના દરેક ઉત્તર માટે 2-2 અંક નિર્ધારિત છે**<br>➢ **'વિભાગ અ' માં પ્રશ્નોનાં ઉત્તર માટે O.M.R પત્રકનો ઉપયોગ કરવો.**<br>➢ **સાચા જવાબ માટે બ્લ્યુ કે બ્લેક બૉલપેનથી જે તે વર્તુળને ઘટ્ટ કરવું.** | ➢ This Question paper is divided in two parts.<br>➢ **Part A** - Objective type questions.(MCQ).<br>➢ Q.1 and Q.2 are of 1 mark each.<br>➢ Q.3 are of 2 marks each.<br>➢ Use O.M.R. Sheet for Part A.<br>➢ For the answers darken the circle with blue or black ball point pen.<br>➢ Total Marks - 40 |
| ➢ **વિભાગ બ – વર્ણનાત્મક પ્રશ્નો.**<br>➢ **આપેલી સૂચના પ્રમાણે આ વિભાગના પ્રશ્નોત્તર લખવાના રહેશે.** | ➢ **Part B -** Subjective, Descriptive questions.<br>➢ Total Marks = 40 |
| ➢ **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અચૂક લખવો.** | ➢ Please write down the serial number of the question before attempting it. |
| | |

# ગુજરાતી
## ધોરણ-X (010)

સમય – 3 કલાક — કુલ ગુણ -80
**Time: 3 hrs.** — **M.M.- 80**

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણવિભાજન |
|---|---|---|---|
| | | **PART A**<br>**(Advanced Reading Skill)** | |
| પ્રશ્ન- 1 | (A) | **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.**<br>મનુષ્યનું જીવન તેના વિચારોથી ઘડાય છે. તેના વલણો અને ભાવનાઓથી પણ સર્જાય છે. મનુષ્યે સ્વપ્નો જોવાના છે અને તેને સાકાર કરવા યત્નશીલ બનવાનું છે. ઉન્નત જીવન જીવવાનો ખ્યાલ દરેકે વિકસાવવો રહ્યો. પણ જો માણસ નિષ્ફળ જવાના ડરને કારણે કે પોતાની ભીરુતાના કારણે સામાન્ય પ્રકારનાં કાર્યોમાં જ જીવનને વેડફી નાખે તો તે કદાપિ પ્રગતિ ન કરી શકે. મળેલા ઉત્તમ અવસરો ક્ષુલ્લક બાબતોમાં | 5×1= 5 |

| | | | |
|---|---|---|---|
| | | વેડફાઈ જાય. ઈશ્વરે મનુષ્યને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. તે માટે બુદ્ધિ અને બળ આપ્યાં છે. હવે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે માણસે પોતે વિચારવાનું છે. જો માણસ ઊંચા નિશાન તાકે તો પર્વતની ચોટી કે સમુદ્રનું તળિયું તેના હાથવેંતમાં છે. માટે જ કહ્યું છે કે ભલે નિષ્ફળ જવાય, પણ ધ્યેય તો ઊંચું જ રાખવું રહ્યું.<br>પ્રશ્નો:-(1)મનુષ્યનું જીવન શેનાથી ઘડાય છે ?<br>**(B) વિચારોથી**<br>(2)માણસ ક્યારે પ્રગતિ ન કરી શકે ?<br>**(D) પોતાની ભીરુતાના કારણે**<br>(3) ઈશ્વરે શેની સ્વતંત્રતા આપી છે ?<br>**(A) કર્મ કરવાની**<br>(4)'હાથવેંતમાં છે' – એટલે શું ?<br>**(C) ખૂબ પાસે હોવું**<br>(5)'ક્ષુલ્લક' – શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.<br>**(B) નકામું** | |
| **પ્રશ્ન- 1** | **(B)** | **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.**<br>પ્રશ્નો:-(1)માણસના પોતાના હાથમાં શું છે ?<br>**(A) ખુશમિજાજમાં રહેવું કે ચીડિયા થઈ જવું**<br>(2)કઈ વસ્તુ મહાદુ:ખરૂપ થઈ પડે ?<br>**(B) અસંતોષનો જ અભ્યાસ રાખીએ તો**<br>(3) વસ્તુમાત્ર શેનું મિશ્રણ હોય છે ?<br>**(C) સારું અને નરસાનું**<br>(4) જેવું જેનું મન -<br>**(D) તેવી તેની પરીક્ષા**<br>(5) આનંદ ગ્રહણ કરવાની ટેવ ક્યારે પડે?<br>**(A) આત્મસંયમથી જ**<br>(6) ફકરાને યોગ્ય શીર્ષક પસંદ કરો.<br>**(A) જીવનતાલીમ** | **6×1=6** |
| **પ્રશ્ન-1** | **(C)** | **Literature**<br>**નીચેની કવિતા વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.**<br>પ્રશ્નો-(1) કવિ ફિનિક્સ બનવાનું કોને કહે છે?<br>**(A) આપણને**<br>(2) જંગ એટલે શું ? | **5×1= 5** |

| | | | |
|---|---|---|---|
| | | **(B) યુદ્ધ**<br>(3) 'ઊડવા દે ઊંચે કિસ્મતનો પતંગ' એટલે શું?<br>**(C) પ્રગતિ કરવી**<br>(4) છેલ્લી પંક્તિમાં કવિ કોને-કોને સલામ કરે છે?<br>**(D) કચ્છ, જાપાન, યુવરાજસિંઘ**<br>(5) કવિતાને યોગ્ય શીર્ષક આપો.<br>**(A) જીવન એટલે જંગ** | |
| **પ્રશ્ન.2** | | **નીચે આપેલા પ્રશ્નોમાંથી <u>કોઈપણ</u> આઠ પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો.**<br>(1) 'તે બેસે અહીં' કાવ્ય કવિના ક્યા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે?<br>**(B) યદા તદા ગઝલ**<br>(2) બીજા મુક્તકમાં 'હવે તું મુક્ત છે.' એવું કોણે કહ્યું છે?<br>**(A) માણસે**<br>(3) મોરલીનો નાદ ક્યાં ગાજે છે?<br>**(B) ગગનમાં**<br>(4) 'વૈશંપાયન' કોનું ઉપનામ છે?<br>**(D) કરસનદાસ માણેક**<br>(5) વાનરસેનામાં કયા નારા સંભળાય છે?<br>**(A) દીપકની જય**<br>(6) જેઠીમાએ અરજી પર કોની સહીઓ લીધી?<br>**(B) હિંદુ ગૃહસ્થોની**<br>(7) 'ટિફિન' પાઠપાઠનો સાહિત્યપ્રકાર જણાવો.<br>**(C) લઘુકથા**<br>(8) નીચેનામાંથી કઈ ઘટનાનો ઉલ્લેખ 'પ્રયાણ' પાઠમાં છે?<br>**(D) આપેલ તમામ** | **8×1= 8** |
| **પ્રશ્ન-3** | **(A)** | **(Applied Grammar)**<br>**સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોનાં યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો.**<br>**નીચેના પ્રશ્નોનાં જવાબ લખો. (કોઈપણ ચાર)**<br>(1) 'આંજી નાખવું' - રૂઢિપ્રયોગનો અર્થ લખો.-<br>**(D) આપેલા A) અને B)**<br>(2) ઈચ્છા હોય તો બધું થાય - અર્થ ધરાવતો રૂઢિપ્રયોગ લખો.<br>**(C) મન હોય તો માળવે જવાય**<br>(3) કાળજાને કોરી ખાવું - રૂઢિપ્રયોગનો અર્થ લખો.<br>**(B) દુ:ખની અનુભૂતિ થવી** | **4×1= 4** |

| | | | |
|---|---|---|---|
| | | (4) મરણ પામવું - અર્થ ધરાવતો રૂઢિપ્રયોગ લખો.<br>**(D) આપેલા (B) અને (C)**<br>(5) સૂર્ય તપવો - રૂઢિપ્રયોગનો અર્થ લખો.<br>**(B) પ્રગતિના શિખર પર હોવું** | |
| **પ્રશ્ન–3** | **(B)** | **નીચે આપેલા શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર)**<br>(1) જ્યાં આજુ બાજુ વૃક્ષો વાવેલાં હોય તેવી ગલી. – **(B) કુંજગલી**<br>(2) કહી ન શકાય તેવું. – **(C) અકથ્ય**<br>(3) જાણેલું / જાણમાં આવેલું. – **(A) વિદિત**<br>(4) હૃદયના ધબકારા થવા તે ... **(B) સ્પંદન**<br>(5) ઘૂમરી લઈ ભારે વાતો પવન. – **(A) વંટોળ** | **4×1= 4** |
| **પ્રશ્ન–3** | **(C)** | **નીચેનામાંથી પ્રશ્નોનાં જવાબ લખો. (કોઈપણ ચાર)**<br>(1) 'ઝરણું'નો સમાનાર્થી શબ્દ લખો.<br>**(C) આપેલા (A) અને (B)**<br>(2) 'ઉષ્મા'નો સમાનાર્થી શબ્દ લખો.<br>**(B) હૂંફ**<br>(3) નીચેનામાંથી કયું જોડકું સમાનાર્થી શબ્દની રીતે યોગ્ય છે લખો.<br>**(A) કીર્તિ = નામના**<br>(4) નીચેનામાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે લખો.<br>**(B) શીતળ × ઉષ્ણ**<br>(5) નીચેનામાંથી કયું જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે લખો.<br>**(B) સબળ × નિર્બળ** | **4×1= 4** |
| **પ્રશ્ન–3** | **(D)** | **સૂચના મૂજબ જવાબ આપો. (<u>કોઈપણ ચાર</u>)**<br>(1) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?<br>**(C) હુ આ જ વાત કહેવાનો હતો.**<br>(2) કયું વાક્ય ભાષાકીય રીતે સાચું છે?<br>**(C) કારણ કે તમે કાલે આવવાના હતા.**<br>(3) અનુગ ઓળખો : 'રમણને બોલાવી લાવ.'- **(B) ને**<br>(4) અનુગ ઓળખો : રમાથી આગળ અભ્યાસ ન થયો. – **(B) થી**<br>(5) નામયોગી ઓળખો : પગની પાની પર પથરાની માફક વરસાદનાં ફોરાં વાગતાં હતાં. **– (C) માફક** | **4×1=4** |
| | | **PART B**<br>**Literature** | **(40)** |
| **પ્રશ્ન-4** | | **નીચેની કાવ્યપંક્તિ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે બે)** | **2×1=2** |

| | | | |
|---|---|---|---|
| | | જવાબ-1) નાયિકાએ Wall to wall કારપેટ કરાવી દીધી.<br>જવાબ-2) નાયિકાએ સોફા અને લેમ્પને નવું સ્થાન આપ્યું.<br>જવાબ-3) દીવાનખાનું સુશોભિત થયા પછી નાયિકા પોતાના મનને પ્રશ્ન પૂછે છે કે'આ બધામાં મને ક્યાં ગોઠવું? | |
| **પ્રશ્ન.5** | | **નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ચાર)**<br>**(1) બીજા મુક્તકમાં મુક્ત થયેલું પંખી પિંજરામાં પાછું કેમ ભરાઈ જાય છે?**<br>જવાબ-1) મુક્ત થયેલું પંખી બહાર આવી માણસ સામે જુએ છે અને પાછું પિંજરામાં ભરાઈ જાય છે. માણસે પોતાના સુખ ખાતર જ પૂરેલું તેથી હવે જ્યારે પંખીને મુક્ત કરવામાં આવે છે છતાં પંખી સલામતી અનુભવતું નથી. માનવીના દંભને અહીં ખુલ્લો કરવામાં આવ્યો છે.<br>**(2) 'મોરલી' કાવ્યને આધારે શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.**<br>જવાબ-2) શ્રીકૃષ્ણએ પીળું પીતાંબર અને જરકસી જામો પહેર્યા છે. કૃષ્ણને કાંડે કુંડળ, માથે મુગટ અને મુખ પર મોરલી બિરાજમાન છે. તેમને માથે પટકો શોભે છે. કૃષ્ણનો આ શણગાર સૌને પ્રિય છે.<br>**(3) 'હાથ મેળવીએ' કાવ્યના આધારે માનવીના હાથ ક્યા ક્યા કામો કરે છે?**<br>જવાબ-3) માનવીના બે હાથ અનેક કામ કરે છે. દરેક માનવીના બંને હાથ, પોતાની આજીવિકા મેળવવા વિવિધ કામ કરે છે. આવાં કામોમાં તેની ફાવટ કે આવડત હોય તો પણ કરે અને બિનઆવડતથી પણ કરે! કવિ આ કાવ્યમાં જણાવે છે કે માનવી તેના બે હાથથી, બિનઆવડતથી સારાં-નઠારાં કામ કરે છે.<br>**(4) 'જીવન અંજલિ થાજો!' કાવ્યના કવિ ક્યાં ચાલવાનું કહે છે?**<br>જવાબ-4) કવિ સત્યના માર્ગે ચાલવાનું કહે છે. કેમ કે સત્યનો માર્ગ કાંટાળો છે પણ એ માર્ગ પર પુષ્પ બની પથરાવાનું કહે છે. સત્યનો માર્ગ કઠીન છે, પણ અઘરો નથી. એ મુશ્કેલીમાંથી સફળતાપૂર્વક પાર ઊતરી શકાય છે અને સત્યનો જ જય થાય છે.<br>**(5) 'તે બેસે અહીં'' કાવ્યમાં બીજાના દુ:ખે દુ:ખી થવાની સંવેદનાને કવિ શું કહીને સમજાવે છે?**<br>જવાબ-5) સંવેદનશીલ વ્યક્તિ બીજાનું દુ:ખ દૂર કરે છે, તેનાં આંસું લૂછે છે. સંવેદનશીલ વ્યક્તિ બીજાનું દુ:ખ જોઇ દુ:ખી થાય છે, તેની છાતીમાં દુ:ખે છે.<br>**વિષયવસ્તુ : 1.5 ગુણ**<br>**જોડણીદોષ : 0.5 ગુણ** | **4×2=8** |

| | | | |
|---|---|---|---|
| પ્રશ્ન-6 | | નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. (ગમે તે ત્રણ)<br>(1) લેખિકાએ બિલ્લીનાં બચ્ચાં પ્રત્યે કેવું અનુમાન કર્યું?<br>જવાબ-1) લેખિકાએ બિલ્લીનાં બચ્ચાં પહેલાં તો સંતાઇ જશે, દોસ્તી બાંધતાં દિવસો જશે એવું અનુમાન કર્યું.<br>(2) ત્રણમાંનું મોટું બચ્ચું લેખિકા પાસે કેવી રીતે આવ્યું?<br>જવાબ-2) ત્રણમાંનું મોટું બચ્ચું લેખિકા પાસે ત્રાંસું ત્રાંસું ચાલતું, કોઇ પેંતરો હોય એ ઢબે આવ્યું.<br>(3) લેખિકાએ બચ્ચાંને ક્યાં ક્યાં હાથ ફેરવ્યો?<br>જવાબ-3) લેખિકાએ બચ્ચાંને ગાલે, દાઢીએ, ગરદન પર હાથે ફેરવ્યો.<br>(4) લેખિકાએ કોની સાથે મિત્રતા કેળવી?<br>જવાબ-4) લેખિકાએ સિયામીઝ માર્જાર ત્રિપુટી (બિલાડીનાં બચ્ચાં) સાથે મિત્રતા કેળવી. | 3×1=3 |
| પ્રશ્ન.7 | | નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો. (ગમે તે ત્રણ)<br>(1) ભૂલ કરનારાએ દંડની ટિકિટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી હતી?<br>જવાબ-1) ભૂલ કરનારે જર્મનીના હેમ્બર્ગના એક રેસ્ટોરાંમાં એક પાર્ટી ગોઠવી હતી. રેસ્ટોરાંમાં ગિરદી નહિ હોવાથી ખાણું ઝટ આવ્યું અને તેઓએ બીજા કામ હોવાથી ખાણું ઝટ પતાવ્યું. તેઓએ મંગાવેલા ભોજનમાંથી ત્રીજા ભાગનું તેઓની ડીશમાં છાંડેલું હતું. હેમ્બર્ગની કેટલીક વૃદ્ધ સ્ત્રીઓએ આ જોયું. તેઓને આ ન ગમ્યું. તેઓએ આ બાબતે ધ્યાન દોરતાં ભૂલ કરનારા મિત્રોએ એમને કહી દિધું – અમે જે મંગાવેલું તેના પૂરેપૂરા પૈસા અમે ચૂકવી દીધાં છે. અમે કેટલું ખાધું અને કેટલું છાંડ્યું તેની તમારે શી નિસબત? પેલી વૃદ્ધ સ્ત્રીઓમાંની એકે ફોન કરીને સોશ્યલ સિક્યોરિટીને બોલાવ્યો. જે બન્યું તે જાણીને તેણે ભૂલ કરનારાઓને 50 યુરોનો દંડ કર્યો અને કડક અવાજમાં કહ્યું – તમને જોઇતું હોય તેટલું જ, તમે ખાઇ શકતા હો તેટલું જ મંગાવો. પૈસા તમારા છે, પણ સાધન-સામગ્રી તો બધી સમાજની છે........તેને બગાડવાનો તમને કોઇ અધિકાર નથી. આથી પોતાને આ બાબતે કાયમ ઢંઢોળવા દંડ ભરનારાએ દંડની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર રાખી.<br>(2) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં આવતાં માનવસ્વભાવ અને સૌંદર્ય માણવાને બદલે ખાણીપીણીમાં વિશેષ રસ લેતાં પ્રવાસીઓ વિશે નોંધ લખો.<br>જવાબ-2) 'સૂરજ તો બધે જ સરખો' પાઠમાં માંવસ્વભાવની વિચિત્રતાઓ અને એની ટેવો તરફ લેખકે આપણું ધ્યાન દોર્યું છે. માણસ જોવાલાયક, હવાખાવાનાં | 3×3=9 |

સ્થળોના પ્રવાસે જાય છે. માણસે આવાં સ્થળોની ખાસિયતો જણાવી જોઇએ. આવાં સ્થળોનું સૌંદર્ય માણવું જોઇએ. આવાં સ્થળોની ઐતિહાસિક માહિતી મેળવવી જોઇએ, પરંતુ માનવસ્વભાવ વિચિત્ર છે. આવાં સ્થળોએ તે ખાણીપીણીની જ વાત કરે છે. કયા સ્થળે કઇ વાનગીનો ટેસ્ટ કરવો જોઇએ એની જ વાતો કહે છે. આગ્રામાં તેને દાળવડાંવાળો દેખાય છે, માથેરાનમાં તેને પુરોહિતવાળાની હોટલ દેખાય છે, દાર્જિલિંગમાં તેને દહીંવડાંવાળો દેખાય છે. એને તાજમહેલનું સૌંદર્ય જોવામાં રસ નથી, મહાબળેશ્વરનો ગાંડો કરી મૂકે એવો સૂર્યોદય જોવામાં રસ નથી. આવા પ્રવાસીઓને માટે બધાં સ્થાન સરખાં જ હોય છે.

**(3) 'ટિફિન' લઘુકથાનું હાર્દ સમજાવો.**

જવાબ-3) જમણવારનો પ્રસંગ છે. પ્રૌઢો માટે ટિફિન ઘેર આવવાનું છે. ટિફિન આપવા આવનાર જુએ છે કે અમથીમા રોટલા ઘડી રહ્યા છે. તે અમથીમાને તેના વિશે પૂછે છે ત્યારે અમથીમા કહે છે, હું ધરાઈ જાઉં પણ આ કાળવી અને ગોરવીનું શું? કાળી કૂતરી અને ગોરી ગાય અમથીમાનાં પોતીકાં છે, એમનાં કુટુંબી છે. આમ, મનુષ્યનો પ્રાણીઓ સાથેનો સંબંધ કેવો ઉષ્માભર્યો હોય છે તે ભાવ આ ઘટનામાં સચોટ રીતે પ્રગટ થાય છે.

**(4) 'જેઠીબાઇ'નું પાત્રાલેખન કરો.**

જવાબ-4) રંગાટ અને વણાટકામનું કારખાનું દીવ બંદરે ઊભું કરનાર જેઠીબાઇનું વતન કચ્છ-માંડવી હતું. દીવ બંદરેથી એમનાં કારખાનાનો પુષ્કળ માલ પરદેશ જતો અને વેચાતો. ઉચ્ચ કક્ષાની રંગાટકળાને લીધે એમના કારખાનાનો ખૂબ વિકાસ થયો હતો. જેઠીબાઇ કારખાનાના તમામ કામદારો પર માતા જેટલું જ વહાલ રાખતાં હતાં. મરણપથારીએ પડેલા કાનજીને એના દીકરાની ચિંતા કોરી ખાતી હતી. જેઠીબાઇએ એના દીકરાની જવાબદારી લીધી. જેઠીબાઇએ કાનજીના અંતરના ઉત્પાતને શમાવી દીધો. કાનજીનું મૃત્યુ થતાં સમયસૂચકતા વાપરીને જેઠીબાઇએ કાનજીના મૃત્યુની વાત પર પડદો પાડી દીધો. એ જ રાત્રે કાનજીના પુત્ર પમાનાં લગ્ન એક બીજા કામદારની પુત્રી સાથે કરાવી દીધાં. પછી પોલીસપાર્ટીને સાથે લઇને આવેલા પાદરીઓનો એક વીરાંગના બની સામનો કર્યો કે કાનાનો પુત્ર નિરાધાર નથી, એ તો ક્યારનો પરણી બેઠો છે. જેઠીબાઇનું રણચંડી જેવું રૂપ જોઇ સૌ પાછા ફર્યા. જેઠીબાઇએ પોર્ટુગીઝ સરકારનો કાયદો રદ કરાવવા તેના જુલમની કહાણી પોર્ટુગીઝ ભાષામાં હ્રદયદ્રાવક શબ્દોમાં લખાવીને તૈયાર કરાવી. તેને મોટી રેશમી ઓઢણી પર મોટા અક્ષરોમાં છપાવી. તેઓ પોર્ટુગલ ગયાં, પોર્ટુગલની રાણી ડૉન લ્યૂઝાને મળ્યાં, હ્રદય ખોલીને બધી હકીકત રજૂ કરી અને ભારતીય કળાની ઓઢણી રાણીને ભેટ કરી. રાણીએ અરજી વાંચી. એમણે જેઠીબાઇને કલામય

| | | | |
|---|---|---|---|
| | | કૃતિ અને હિમત માટે ધન્યવાદ આપ્યા અને પોર્ટુગીઝ સત્તાનો જુલમી કાયદો પોતાનાં ખાસ ફરમાનથી રદ કરાવ્યો. તે દિવસથી જેઠીબાઇની ઓઢણી 'પાન – દ – જેઠી'નુંજ નામ વિખ્યાત બની ગયું.<br>કચ્છ-માંડવીનાં એક અભણ જેઠીબાઇ એક અદ્‌ભુત કાર્ય કરીને અમર બની ગયાં.<br>**(5) સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળના દીવાનખાનાનું વર્ણન કરો.**<br>જવાબ-5) સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળનું દીવાનખાનું આકર્ષક છે. ઉત્તર અને દક્ષિણની દીવાલોમાં બાજુના ઓરડામાં જવાનાં સામસામાં બારણાં છે. પૂર્વ તરફ અગાશીમાં જવાની ચાલ છે અને પછી બાગમાં ઊતરવાની સીડી છે. પશ્ચિમે ઝરૂખો છે. ઓરડાની લાદી ઉપર કાશ્મીરી ગાલીચો છે. ખૂણાઓની ઘોડીઓ ઉપર ગ્રીક પૂતળાં ગોઠવેલાં છે. ભીંતને અઢેલીને મલમલના સોફા મૂકેલા છે. વચ્ચે એક મોટું ટેબલ છે, તેની ઉપર પિત્તળના ફૂલદાન છે. કાચનાં ઝુમ્મરો ચે, તેમાં વિજળીના દીવા છે. દીવાલો ઉપર ગવર્નરો અને વાઇસરોયોની છબીઓ છે. પશ્ચિમની દીવાલમાં મહારાણી વિક્ટોરિયાનો ઝભ્ભો ઉપાડીને ચાલતા રાજાઓનું મોટું તૈલચિત્ર છે. એની નીચે સોનાની ફ્રેમમાં મઢેલો નાઇટહૂડનો ઇલકાબખત વીજળીના પ્રકાશમાં ચળકે છે.<br><br>વિષયવસ્તુ : 2.5<br>જોડણીદોષ : 0.5 | |
| **પ્રશ્ન-8** | | **(Effective writing Skill)**<br>**નીચે આપેલા વિષયના મુદ્દા પરથી <u>કોઈપણ એક</u> વિષય પર ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.**<br>-પ્રસ્તાવના – 1<br>-વિષયવસ્તુ – 1.5<br>-ભાષા અભિવ્યક્તિ – 1.5<br>-ભાષા શુદ્ધિ અને વાક્યરચના- 2<br>-ઉપસંહાર -1<br>**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને નિબંધ તપાસવો...**<br>-વિષયની પસંદગી<br>-શરૂઆત : આકર્ષક,સ્વાભાવિક અને સચોટ<br>-કાવ્ય પંક્તિ, સુભાષિતો કે અવતરણો આવકાર્ય છે.<br>-વિષયાંતર નહિ થાય તેની કાળજી રાખવી. | **1×7=7** |

| | | | |
|---|---|---|---|
| | | -સુંદર,સુવાચ્ય અક્ષર, જોડણીશુધ્ધિ અને ભાષા શૈલી વિશે કાળજી રાખવી. | |
| **પ્રશ્ન-9** | | **નીચે આપેલા મુદ્દા પરથી બોધ અને શીર્ષક સાથે વાર્તાલેખન લખો.**<br>**શીર્ષક-** ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય છે.<br>**બોધ –** વાર્તાને આધારે બોધ આવકાર્ય છે.<br>- ભાષા શૈલી અને ભાષા શુધ્ધિ -1<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન – 3<br>- શીર્ષક – 1<br>- બોધ – 1<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટેભાગે ભૂતકાળમાં જ લખવી<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી<br>- ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી.<br>- મુખ્ય પાત્ર,પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક કે બોધ આપીને લખવો. | **1×6=6** |
| **પ્રશ્ન-10** | | **નીચે આપેલા વિષય પરથી પત્ર લેખન <u>અથવા</u> તો જાહેરાત લેખન લખો.**<br>(1) 'તમારી શાળા તરફથી હોશિયાર વિદ્યાર્થીને સ્કોલરશીપ અપાય છે. તે માટે તમે તમારી શાળાના આચાર્યને સંબોધીને અરજી લેખન લખો.<br>સરનામું અને તારીખ- 1<br>સંબોધન અને અભિવાદન – 1<br>વિષયવસ્તુ અને ભાષા શુધ્ધિ – 2<br>સમાપન અને લિખિતંગ – 1<br>નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને પત્ર લખવો.<br>પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુએ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method) નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન લખવું.<br>પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી છે.<br>પત્રની ભાષા સરળ અને શુધ્ધ હોવી જરૂરી.<br>વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક.<br>કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક કે સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી છે. | **1×5=5** |

| | | | |
|---|---|---|---|
| | | **(નોંધ : પ્રશ્ન પત્રમાં જો પ્રેષક કે પ્રતિમાંથી કોઈનું પણ નામ આપ્યું ન હોય તો વિદ્યાર્થીએ પોતાની આગવી ઓળખ થાય એવા કોઇપણ પ્રકારનું સરનામું તેમજ લિખીતનમાં પોતાનું કે કોઇપણ જાણકારનું નામ અને સરનામાનો ઉલ્લેખ કરવો નહિ. જેમકે –**<br>**અ-સોસાયટી,**<br>**બ- વિભાગ.**<br>**ક- શહેર.**<br>**તા-______**<br>**પ્રતિ,**<br>**આચાર્ય સાહેબ શ્રી,**<br>**ક- શહેર.**<br>**વિષય :-હોશિયાર વિદ્યાર્થીને અપાતી સ્કોલરશીપ મેળવવા બાબત.**<br>**માનનીય આચાર્ય સાહેબ શ્રી,**<br>**જણાવવાનું કે,........................................**<br>**આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી**<br>**મ,સ,ડ)**<br>**(તેમજ ક્યાં પણ લીટી છોડાવી નહિ)**<br>(2) તમારા શહેરમાં યોજાયેલ "મિલકત મેળો" પ્રોજેક્ટ વિશે સચિત્ર જાહેરાત લેખન લખો.<br>**ચિત્રાત્મક રજૂઆત- ૧.૫**<br>**સૂત્રાત્મક રજૂઆત – ૧**<br>**સમગ્ર પ્રસ્તુતિકરણ- ૨.૫**<br>**નીચેના મુદ્દાને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી.**<br>**ચિત્રાત્મક રજૂઆત**<br>**ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ.**<br>**ટૂંકી અને આકર્ષક રજૂઆત**<br>**દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત.** | |

*******************************************